ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે
મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સને ૨૦૧૫-૧૬માં
કુકીંગ કોસ્ટનો દર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૯ /૧૨/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારની મ.ભો.યો. અંગે માર્ગદર્શક સુચનાઓ "NPNSPE-GUIDE LINES-2006".

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫/૨/૨૦૧૦, તા.૧૫/૦૪/૨૦૧૦,તા.૧/૦૨/૨૦૧૨,તા.૧૯/૧૧/૨૦૧૩ અને તા.૨૩/૦૯/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩)ભારત સરકારનો તા.૨૮/૭/૧૫નો પત્ર ક્રમાંક-F નં.૧-૧/૨૦૦૯/ડેસ્ક/(એમડીએમ)

(૪) કમિશ્નરશ્રી,મ.ભો.યો નો તા.૧૪/૮/૨૦૧૫ના પત્ર ક્રમાંક: મભય/અજન/કુકીંગ કોસ્ટ/૨૦૧૫ /૭૯૭૪ અને તા.૧/૯/૨૦૧૫ના પત્ર ક્રમાંક: મભય/અજન/કુકીંગ કોસ્ટ/૨૦૧૫ /૮૬૧૮.

ઠરાવ

ગુજરાત રાજ્યમાં સરકારી પ્રાથામિક શાળાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથામિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે,સંદર્ભ-(૧)માં જણાવેલ ભારત સરકારની મ.ભો.યો. અંગેની માર્ગદર્શક સુચનાઓ તથા ત્યારબાદની વખતો વખતની સુચનાઓ મુજબ કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે ' મધ્યાહન ભોજન યોજના ' અમલમાં છે.

૨/ શિક્ષણ વિભાગના સંદર્ભ-(૨) માં દર્શાવેલ તા.૨૩/૦૯/૨૦૧૪ના ઠરાવથી સને.૨૦૧૪-૧૫ના વર્ષ માટે મધ્યાહન ભોજન યોજના અંતર્ગત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ દૈનિક કુકીંગ કોસ્ટનો દર નક્કી કરવામાં આવેલ છે. સંદર્ભ-(૩)માં દર્શાવેલ ભારત સરકારના તા.૨૮/૭/૧૫ના પત્રથી કુકીંગ કોસ્ટના દરમાં ૫(પાંચ) ટકા લેખે વધારો કરવાની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ છે.આ સંદર્ભ અન્વયે કમિશ્નરશ્રી,મ.ભો.યો ના તા.૧૪/૮/૨૦૧૫ના અને તા.૧/૯/૨૦૧૫ના સંદર્ભ-(૪) થી દર્શાવેલ પત્રોથી રાજ્યની પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ દૈનિક કુકીંગ કોસ્ટના હાલના દરો સુધારવાની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

૩/ પુખ્ત વિચારણાને અંતે કુકીંગ કોસ્ટનો દર નીચે મુજબ શરતોને આધીન નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ખાદ્ય પદાર્થ | સને.૨૦૧૫-૧૬માં કુકીંગ કોસ્ટનો દર વિદ્યાર્થીદીઠ રૂપિયામાં | | | |
|---|---|---|---|---|---|
| | | ધોરણ ૧ થી૫ | | ધોરણ ૬ થી ૮ | |
| ૧ | અનાજ (ઘઉ/ચોખા ) | ૦.૦૦ | | ૦.૦૦ | |
| ૨ | દાળ/કઠોળ | ૧.૧૮ | | ૧.૭૬ | |
| ૩ | શાકભાજી મરીમસાલા | ૧.૪૦ | ૨.૧૭ | ૨.૧૦ | ૩.૨૬ |
| | બળતણ ગેસ | ૦.૬૯ | | ૧.૦૪ | |
| | દળામણ | ૦.૦૮ | | ૦.૧૨ | |
| ૪ | તેલ | ૦.૪૧ | ૦.૮૨ | ૦.૬૨ | ૦.૮૨ |
| | તેલનો રાજ્ય સરકારનો વધારાનો હિસ્સો | ૦.૪૧ | | ૦.૨૦ | |
| | કુલકુકીંગ કોસ્ટ | ૪.૧૭ | | ૫.૮૪ | |

૨.વંચાણે લીધેલ સંદર્ભ-(૨)હેઠળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩. **<u>આ સુધારેલ કુકીંગ કોસ્ટના દરનો અમલ તા.૧/૭/૨૦૧૫થી કરવાનો રહેશે.</u>**

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૯ /૧૦/૧૫ તથા સરકારશ્રીની તા.૩ /૧૨/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ,
- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ. } કમિશ્નરશ્રી,મ.ભો.યો.ગાંધીનગર મારફતે
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. }
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ }
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. }
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.